# The Young and the Future

**If India has to rise,** the Youth of India must awaken to their destiny. How long will they continue to slumber, the "sun-eyed children of a marvellous dawn"?

**<u>The Future belongs to the Young</u>**

It is a young and new world which is now under process of development and it is the young who must create it. But it is also a world of truth, courage, justice, lofty aspiration and straightforward fulfilment which we seek to create. For the coward, for the self-seeker, for the talker who goes forward at the beginning and afterwards leaves his fellows in the lurch there is no place in the future… A brave, frank, clear-hearted, courageous and aspiring youth is the only foundation on which the future nation can be built.…

– Sri Aurobindo

From:
'A call to the youth of India'
Compiled by Vijay. P.74

©SRI AUROBINDO ASHRAM TRUST, PONDICHERRY.
FROM: SRI AUROBINDO KENDRA,
MATRUBHAVAN'87, SWASTIK SOCIETY, AHMEDABAD-9
https://themothersprosperity.org

Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2024
MAY
૧ મે, ૨૦૨૪

# The Young and the Future
## – યુવાનો અને ભાવિ –

**જો ભારતે ઉદય પામવું હોય** તો ભારતના યુવાને તેમના ભાવિ પ્રત્યે જાગૃત થવું જ જોઈશે. ક્યાં સુધી તેઓ, "જાજ્વલ્યમાન પ્રભાતનાં સૂર્યપ્રકાશિત નેત્રોવાળાં બાળકો" ઘોર નિદ્રામાં ઘોર્યા કરશે?

<u>ભવિષ્ય યુવાનોના હાથમાં છે</u>

એક યુવાન અને નૂતન વિશ્વ જે અત્યારે વિકાસની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યું છે, અને યુવાનોએ જ તેનું સર્જન કરવાનું છે. પરંતુ સાથે સાથે તે સત્ય, હિંમત, ન્યાય, આદર્શ ભાવનાઓ અને સરલતાપૂર્ણ સાર્થકતાનું પણ વિશ્વ છે જેનું આપણે સર્જન કરવા માંગીએ છીએ.

કાયર, સ્વાર્થી, વાતોડિયા જે શરૂઆતમાં અગ્રેસર હોય છે, પણ પાછળથી પોતાના સાથીઓને અધવચ્ચે જ મુશ્કેલીમાં છોડી દે છે એવા લોકો માટે આ ભાવિ વિશ્વમાં કોઈ સ્થાન નથી…

માત્ર શૂર, નિખાલસ, સાચદિલ, હિંમતવાન અને અભીપ્સુ યુવાનોના સુદ્રઢ પાયા ઉપર જ ભાવિ રાષ્ટ્રનું નિર્માણ થઈ શકે.…

– શ્રી અરવિન્દ

## How Best to Serve our Country...

**... By manifestation of Divine will and Power** alone India can preach her message to the World and not by imitating the materialism of the West. By following the Divine Will India shall shine at the top of the spiritual mountain and show the way of Truth and organise World Unity.

*

Divine Power alone can help India. If you can build faith and cohesion in the country it is much more powerful than any man-made power.

*

It is by being sincere, courageous, enduring and honest that you can best serve your country, make it one and great in the world.

– The Mother

From:
'A call to the youth of India'
Compiled by Vijay. P.52

## આપણે દેશની શ્રેષ્ઠ સેવા કેવી રીતે કરી શકીએ...

**... માત્ર પ્રભુનાં સંકલ્પ અને શક્તિને** પ્રગટ કરીને જ ભારત પોતાનો સંદેશો વિશ્વને સંબોધી શકશે, નહિ કે પશ્ચિમના જડવાદનું અનુકરણ કરીને. પ્રભુના સંકલ્પનું અનુસરણ કરીને જ ભારત આધ્યાત્મિકતાનાં ઉત્તુંગ શિખરે ઝળહળી ઊઠશે; અને વિશ્વને સત્યનો પથ બતાવશે અને વૈશ્વિક એકતા નિર્માણ કરશે.

*

માત્ર પ્રભુની શક્તિ જ ભારતને સહાય કરી શકે. જો તમે દેશમાં શ્રદ્ધા અને ભ્રાતૃભાવ કેળવી શકો તો તે કોઈ પણ માનવસર્જિત શક્તિ કરતાં વધુ શક્તિશાળી બને છે.

*

સાચદિલ, હિંમતવાન, સહનશીલ અને પ્રમાણિક બનીને જ તમે દેશની શ્રેષ્ઠ સેવા કરી શકશો, દેશને એક અને વિશ્વમાં મહાન બનાવી શકશો.

– શ્રી માતાજી